# જીવન-સંભારણાં : સંસ્મરણો નિમિત્તે વ્યાપક સમાજચિંતન | પારુલ કંદર્પ દેસાઈ

[**'જીવનસંભારણાં' :** શારદાબહેન મહેતા, આવૃત્તિ પહેલી, ૧૯૩૮ પ્રકા. લેખક પોતે, વિક્રેતા : ગુ. પુ. સ. સ. મંડળ, વડોદરા કિં. રૂ. ૨.૫૦]

એક વાત આરંભે નોંધવી જોઈએ કે ગુજરાતી આત્મકથાલેખનમાં લેખિકાઓનું યોગદાન બહુ જ મર્યાદિત છે. શિરીનબાનુ, શારદાબહેન મહેતા, ગંગાબહેન પટેલ, કનુબહેન દવે, કમળાબહેન પટેલ, મૃદુલા સારાભાઈ વગેરે લેખિકાઓએ આત્મકથાઓ લખી છે, પરંતુ સમગ્ર ગુજરાતી આત્મકથા-સાહિત્યમાં એમનું પ્રદાન નહિવત ગણાય. વળી, આમાંના કેટલાંક નિતાંત આત્મકથા ન ગણાય તેવાં દષ્ટાંતો પણ છે.

'જીવનસંભારણાં'માં મોટી બહેન વિદ્યાબહેનની સાથે ગુજરાતના સર્વપ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ થનારાં અને ગુજરાતી સ્ત્રીઓના શિક્ષણ અને જાગૃતિને પોતાનો જીવનમંત્ર અને કાર્ય બનાવનાર શારદાબહેન મહેતાનાં સંસ્મરણો છે. તેમનો જીવન સમય ૧૮૮૨થી ૧૯૭૦. અઠ્યાશી વર્ષનું આયુષ્ય ધરાવનાર શારદાબહેન ઓગણીસમી સદીના છેલ્લા બે દાયકા અને વીસમી સદીના પહેલા સાત દાયકાના ગુજરાતના જાગ્રત સાક્ષી-પ્રહરી રહ્યા છે. આ 'સંભારણાં'નું પ્રકાશન ૧૯૩૮માં થયું છે. એટલે કે તેમાં શારદાબહેનના પંચાવન વર્ષનો સમયગાળો અંકિત થયો છે. આ સમયવિશેષ ગુજરાતની સામાજિક, શૈક્ષણિક અને રાજકીય પરિવર્તનની રીતે મહત્ત્વનો છે. શારદાબહેન આ બધી પ્રવૃત્તિઓ સાથે પ્રત્યક્ષ સંકળાયેલાં હતાં. એટલે તત્કાલીન સમયના વિવિધ પ્રવાહો અને પલટાઓનાં પ્રેરક બળો તથા તેની સાથે સંકળાયેલ વિશિષ્ટ વ્યક્તિઓનું રસપ્રદ વૃત્તાંત અહીં મળે છે વિશેષતઃ તો સ્ત્રીઓના શિક્ષણ અને એ દ્વારા તેમના સર્વાંગી વિકાસ માટે શારદાબહેન અમદાવાદના હાર્દ સમા રાયપુર-ખાડિયા જેવા વિસ્તારથી શરૂ કરીને વડોદરા, મુંબઈ, સુરત વગેરે સ્થળોએ ગર્લ્સ હાઈસ્કૂલ, પાઠશાળાઓ, મહિલા વિદ્યાલયો તેમજ ઠેર ઠેર ભગિની સમાજની સંસ્થાઓ કયા સંજોગોમાં, કોના કોના સહકારથી, શી શી મુશ્કેલીઓ સાથે સ્થાપે છે અને કુશળતાપૂર્વક એનું સંચાલન કરે છે – એનું વિગતવાર, ક્રમબદ્ધ સઘન ચિત્ર અહીં સાંપડે છે, એ રીતે, આ સંસ્મરણો તત્કાલીન સમયનો અને સ્ત્રી-કેળવણીના ઇતિહાસનો એક મૂલ્યવાન દસ્તાવેજ રહે છે.

આ આત્મકથામાંથી શારદાબહેનનું જે વ્યક્તિત્વ પ્રગટે છે તે પણ રસપ્રદ છે. તેમનામાં વ્યવહારદક્ષ લવચીકતા છે, કર્મકુશળતા અને વ્યાપક જીવનનિષ્ઠા છે. દઢ મનોબળ અને ધીરજ જેવા ગુણોને કારણે નિષ્ફળતા સામે તેઓ ટકી શકે છે. શારદાબહેન સંબંધોના વ્યક્તિ હતાં. મિત્રવત્સલ હતાં. સુમંત મહેતા જેવા ક્રાંતિકારી પતિના પત્ની હતાં. એમનું ઘર એક સંસ્થા સમાન હતું. કુટુંબ ધર્મ અને રાષ્ટ્રધર્મના તાણાવાણાથી તેમનું જીવનપોત વણાયેલું છે. અહીં ક્યાંય આત્મપ્રશંસા નથી કે અસત્યની છાયા નથી. આ જ સમયગાળાનું ચિત્ર સુમંત મહેતા, ઇન્દુલાલ યાજ્ઞિક વગેરેની આત્મકથામાંથી મળે છે. પણ અહીંયાં એક સ્ત્રીના દષ્ટિકોણથી બદલાતો સમાજ નિરૂપાયો છે. એક જાગ્રત સ્ત્રી-કાર્યકર નેતાની કલમે આ સંસ્મરણો લખાયાં છે એ રીતે એનું વિશેષ મહત્ત્વ છે.

''એક સામાન્ય હિન્દુ સ્ત્રીનાં સ્મરણો ! તે લખવાની શી જરૂર ?'' એવા પ્રશ્નથી આ કથાનો આરંભ થાય છે પણ તરત જ તેઓ નોંધે છે કે ''કેટલાક પ્રસંગો મારા પોતાના જીવનમાં એવા વિચિત્ર આવ્યા છે કે તેવા પ્રસંગ બીજી બહેનોને આવે તો તેઓના માર્ગ સરળ થાય... આ બધાથી મુદ્દાની વાત એ છે કે, જે મહાન વ્યક્તિના નિકટ પ્રસંગમાં આવવાનો, રહેવાનો, તેમની સહધર્મચારિણી થવાનો લાભ મને મળ્યો તેમને વિશે કેટલાક ખુલાસા અને કેટલીક માહિતી આ સંભારણાં દ્વારા હું આપી શકીશ.'' એટલે આ કૃતિમાં તત્કાલીન ગુજરાતે બક્ષેલો જીવનાનુભવ અને ગુજરાતનાં પ્રથમ મહિલા સ્નાતકે પોતાના શિક્ષણનો સમાજપ્રીત્યર્થે કેવો હિસાબ આપ્યો હતો તેની સમીક્ષા છે તો સમાંતર રૂપે જેની પાસેથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળતાં રહ્યાં છે એવા પતિ ડૉ. સુમંત મહેતાનું ચરિત્ર અહીં પ્રેમ, આદર અને અહોભાવથી અંકિત થયું છે.

૪૩૪ પાનાંના આ દળદાર ગ્રંથમાં વ્યથા, મૂંઝવણ, યાતનાઓનું ચિત્રણ નથી. વળી, સ્ત્રીજાતિ હોવાથી મળેલો તિરસ્કાર, પિતા-પતિ-પુત્ર દ્વારા અનુભવવા પડેલાં અપમાન કે અવહેલનાની કથા પણ નથી. એમના જમાનામાં પણ શારદાબહેનને એક સ્ત્રી તરીકે વ્યક્તિગત ધોરણે આવા કોઈ પ્રશ્નોનો સામનો નથી કરવો પડ્યો. એક વ્યક્તિના ઘડતરમાં – ભલે તે છોકરી હોય પણ કૌટુંબિક વાતાવરણ કેવો ભાગ ભજવે છે તેનું સુંદર નિદર્શન અહીં જોવા મળે છે. ભોળાનાથ સારાભાઈ દિવેટિયા જેવા સમૃદ્ધ, સંસ્કારી અને સુધારક મોસાળપક્ષ, દીકરીને દીકરાની જેમ જ કેળવણી આપવાનો માતા બાળાબહેન અને પિતા ગોપીલાલનો દઢ નિશ્ચય. બનેવી રમણભાઈ નીલકંઠ તેમજ આચાર્ય આનંદશંકર ધ્રુવ તથા કાશીરામ સેવકરામ અને ભુલાભાઈ જીવણજી દેસાઈ જેવા અધ્યાપકોનું માર્ગદર્શન અને પ્રોત્સાહન, સર્વતોમુખી વિકાસ થાય તેવી મોકળાશ કરી આપતું શ્વશુરગૃહ અને પતિનો સાથ એ સઘળું, એ શારદાબહેનના વ્યક્તિત્વઘડતર માટેનાં મહત્ત્વનાં પરિબળો નીવડ્યાં છે. જો કે કૉલેજમાં પહેલીવાર ભણવા જતાં થતા પજવણીના અનુભવો શારદાબહેને નોંધ્યા છે. અધ્યાપકની ગેરહાજરીમાં કૉલેજના ક્લાસરૂમમાં એકલા ન પડવાની તકેદારી રાખવા છતાં લોકોએ આ અભ્યાસ-ઉત્સુક વિદ્યાર્થિનીઓની ટીકા કરવામાં અને છોકરાઓને કનડગત કરવામાં બાકી નહોતી રાખી. નનામા કાગળો આવે, એમની બેઠકની ખુરશીઓ પાડી નાંખે, ડેસ્ક પર જ નહીં, કૉલેજ આવવાના રસ્તા ઉપર પણ ગમે તેવાં લખાણો લખે. બેઠક પર કૌવચ નાંખીને પજવણી કરે એટલું જ નહીં, શારદાબહેનના લગ્ન સમયે પણ વિઘ્નો નાંખવાની ધમકી આપેલી. સમાજના ઠઠ્ઠામશ્કરી અને છોકરાઓ દ્વારા થતી આવી પજવણી છતાં અભ્યાસ તરફ જ લક્ષ રાખવું એ સહેલી વાત નથી જ. શારદાબહેનના દઢ મનોબળવાળું વ્યક્તિત્વ અહીં પ્રગટે છે. એ સમયના અધ્યાપકો પોતાના વિષયમાં કેવા એકરૂપ થઈને ભણાવતા હતા એનું એક રસાળ પ્રસંગચિત્ર અહીં આલેખાયું છે. ઇતિહાસના અધ્યાપક કાશીરામ સેવકરામ દવે એક વખત વર્ગની શરૂઆત થઈ તે સમય પૂરો થાય ત્યાં સુધી એકાગ્રતાથી શીખવ્યે જતા હતા. પહેરેલા ડગલાની અંદર એમને કંઈક ખૂંચતું હોય એમ હાથ હલાવ્યા કરે પણ ભાષણ અટકાવે નહીં. જ્યારે વર્ગ પૂરો થયો ત્યારે પોતાના ઓરડામાં જઈને જોયું તો ગરોળી ભરાઈ ગયેલી. છતાં એમને કાંઈ ઉદ્વેગ નહોતો.

ગ્રેજ્યુએટ થયા પછીના અભિનંદન આપવાના મેળાવડામાં તેમનામાં સામાજિક

જવાબદારી જાગે છે. તેમને સમજાય છે કે સેવાના ક્ષેત્રમાં અને સ્ત્રીઓની પ્રગતિમાં સક્રિય ફાળો એ અમારું કર્તવ્યક્ષેત્ર હોવું જોઈએ. અમદાવાદમાં જ શરૂઆત કરે છે પણ એક વર્ષમાં જ પતિ સુમંત મહેતાની નોકરી વડોદરા હોવાથી ત્યાં સ્થાયી થાય છે અને મહારાજા સયાજીરાવ ગાયકવાડ અને મહારાણી ચીમનાબાઈની ઉદાર મદદને પરિણામે વડોદરામાં ચીમનભાઈ સ્ત્રીસમાજ સંસ્થા સ્થપાય છે અને કાર્યાન્વિત બને છે. પછી તો મધ્યમવર્ગની, પ્રાથમિક શિક્ષણ લઈને ઊઠી ગયેલી, મોટી વયની સ્ત્રીઓનાં શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે શારદાબહેન અવિરત કામ કરતાં રહે છે.

ત્યાર બાદ ફરી અમદાવાદને પોતાનું કાર્યક્ષેત્ર બનાવતાં પહેલાં ડૉક્ટર સુમંતભાઈ સાથેની લાંબી મુસાફરી દરમિયાન શારદાબહેને અનેક સંસ્થાઓની મુલાકાત લીધી છે એટલે તેમના મનમાં નકશો દોરાયેલો છે. વનિતા વિશ્રામનાં સુલોચનાબહેન અને બીજા કાર્યકર્તાઓની મદદ લઈને મહિલા વિદ્યાલયની સ્થાપના કરે છે જેની મુલાકાત રવીન્દ્રનાથ ટાગોર, મહાત્મા ગાંધી, સરોજિની નાયડુ, પંડિત માલવિયજી જેવા અનેક મહાનુભાવો લે છે. ત્યાર બાદ સુરત અને ભાવનગરમાં તેની શાખાઓ સ્થપાય છે. આ ઉપરાંત એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે સંલગ્ન મહિલા પાઠશાળા, વડોદરાની મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલ – મુંબઈ યુનિવર્સિટીની સેનેટ સિન્ડિકેટના સભ્ય તરીકે વિદ્યાર્થીઓના પ્રશ્નો હલ કરવા વગેરે કાર્યો દ્વારા તેમણે કેળવણીના પ્રચાર અને સ્ત્રીશિક્ષણ માટે પ્રયત્નો કર્યા છે. આ પ્રયત્નોમાં સફળતા મળે ત્યારે તેઓ આનંદ અને સંતોષની લાગણી અનુભવે છે પણ નિષ્ફળ જાય ત્યારે જરાય હિંમત હારતા નથી. એક વાર તેમને વિચાર આવે છે કે શાળાંત પરીક્ષા પસાર થયેલી બહેનોને આગળ અભ્યાસ કરવા માટે મહિલા પાઠશાળા હોવી જોઈએ. શારદાબહેનના અથાગ પ્રયત્નો પછી તેને માટે ફંડ એકઠું થાય છે અને સ્થાયી સ્વરૂપ મળે છે. આ સમયના સંજોગોને વર્ણવતાં તેઓ લખે છે : "એક બાજુ જનસેવા અને બીજી બાજુ કુટુંબસેવા – આ બેને ન્યાય આપવાનો હતો. બેમાંથી એકેયને અન્યાય ન થાય તેની મારે કાળજી રાખવી પડતી. મુશ્કેલીને વેઠીને પણ લીધેલું કામ પાર પાડવાનો મેં નિશ્ચય કર્યો તો જ કામ થયું... મુસીબતોમાંથી પસાર થતાં મનને જે સંતોષ થાય એને જ હું મોટામાં મોટી તૃપ્તિ માનું છું" તો બીજો અનુભવ છે અમદાવાદમાં ભણતી વિદ્યાર્થિનીઓ માટે ખાનગી બોર્ડિંગ શરૂ કરવાનો. મિત્રોના કહેવાથી બધી જ સગવડવાળું એક મકાન લઈને શારદાબહેને ગર્લ્સ હૉસ્ટેલનો આરંભ કરે છે પણ પેલા આરંભે શૂરા મિત્રો ફરી જાય છે. પોતાની દીકરીઓને મોકલતા નથી. છ મહિનાનો ખર્ચ માથે પડે છે. પણ શારદાબહેન લખે છે. "અખતરા કરવામાં નિષ્ફળતા મળે તેથી અમે ડરી જઈએ તેમ નહોતું છાત્રાલયનું સ્વપ્ન સેવેલું હતું તે તે વખતે તો ફળીભૂત ન થયું પણ છ વર્ષ પછી અમદાવાદની મહિલા પાઠશાળાને અંગે છાત્રાલય શરૂ થયું અને આજ તેમાં પાંત્રીસ યુવતીઓ લાભ લે છે. દરેક કામ માટે કાળનો સુયોગ જરૂરી છે." આ સમય દરમિયાન માતૃભાષામાં જ શિક્ષણ આપવું જોઈએ એવી એમની વિચારણા અને મંતવ્ય દઢ થતાં જાય છે. સ્વાનુભવને વ્યક્ત કરતાં તેઓ નોંધે છે : મને સાંભરે છે કે ઇંગ્રેજી પાંચ અને છઠ્ઠા ધોરણના અભ્યાસ વખતે ઇતિહાસ, ભૂગોળ, ગણિત, સાયન્સ અને સંસ્કૃત એ બધા વિષયો અંગ્રેજી ભાષા દ્વારા શીખવવાના હોવાથી એ વિષયનું ઊંડું જ્ઞાન થતું નહોતું. માત્ર ઉપરચોટિયા હકીકત ગોખી નાંખવા અને તેમાં અંગ્રેજી ભાષાની ભૂલ ન હોય તે તરફ વધારે ધ્યાન આપવા તરફ લક્ષ રહેતું. આ કારણને લીધે બુદ્ધિની ખિલવણી જરૂર ઓછી થાય અને પોતાની મેળે વિચાર કરવાની શક્તિ કે કલ્પનાશક્તિનો વિકાસ જરાય થાય નહીં" આજેય આ વાત કેટલી પ્રસ્તુત બની રહે છે ! શારદાબહેને વડોદરાની પોળમાં ફરીને સ્ત્રીકેળવણીનું પ્રમાણ કેમ ઓછું છે તેનાં તારણો કાઢ્યાં છે તે મહત્ત્વનાં છે. એક તો બાળલગ્ન, બીજું શાળામાં અપાતી કેળવણીનો બાળાના ગૃહજીવનમાં દેખીતો કોઈ ઉપયોગ નથી તે અને ત્રીજું, અંગ્રેજી માધ્યમ અઘરું અને મોંઘું પડે છે. તેના ઉપાયરૂપે શારદાબહેને તેમના ઘરગૃહસ્થી અને સામાજિક પરિસ્થિતિને અનુકૂળ અભ્યાસક્રમ અને સમયની યોજના ઘડે છે. પણ સરકાર તરફથી મદદ મળતી નથી. આમ, સ્ત્રી-શિક્ષણ માટેની તેમની મથામણો અને આરોહ-અવરોહનો સુંદર આલેખ અહીં મળે છે.

શારદાબહેનના સંભારણાની પાર્શ્વભૂમિ રૂપે તત્કાલીન સમયની સામાજિક, રાજકીય પ્રવૃત્તિ રહેલી છે. સમાજસુધારણાની લડત, કોંગ્રેસનો ઉદાર મતવાદીમાંથી ધીમે ધીમે ઉગ્ર માંગણી તરફ વિકાસ, હિન્દના રાજકારણમાં ગાંધીજીનો પ્રવેશ અને નેતૃત્વ, કેળવણી વિષયક જાગૃતિ અને અઢારવિધ રચનાત્મક કાર્યક્રમોથી એ વેળાનું ગુજરાત ધમધમતું હતું. કર્મમાર્ગી શારદાબહેન એનાથી અલિપ્ત કેવી રીતે રહી શકે ? આમ તો લગભગ બંગભંગ અને ગુજરાતના કોંગ્રેસ અધિવેશન કાળથી જ શારદાબહેન – સુમંતભાઈ બંનેને સામાજિક અને રાજકીય દંભ, પ્રજાનું શોષણ, અજ્ઞાન, વહેમ અને રૂઢિજડતા ખૂંચતાં હતાં. શારદાબહેનને સ્ત્રી-કેળવણીમાં વિશેષ રસ પણ ગાંધીજીના આગમનની સાથે જ એ એમની રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં જોડાયાં. ફીજીના ગીરમીટિયાઓની ગુલામીપ્રથા નાબૂદ કરવા અંગે ગાંધીજીએ પ્રેમાભાઈ હૉલમાં જે પ્રથમ સામાજિક સભા યોજી તેમાં શારદાબહેન ભાવવિભોર બની સજળ નેત્રે પ્રવચન કરે છે. ગાંધીજીની પ્રેરણાથી ગોધરાની રાજકીય પરિષદમાં સંસારસુધારાની પરિષદનું પ્રમુખપદ પણ તેઓ સંભાળે છે અને પછી તો ગાંધીજીના સત્યાગ્રહની લડતો, અસહકારઆંદોલન તથા અનેક રચનાત્મક કાર્યક્રમોમાં તેઓ સક્રિય સહકાર આપે છે. વળી, પરિશિષ્ટમાં ગાંધીજીએ એમને લખેલા પત્રો પણ મુકાયા છે આ ઉપરાંત, ઇન્ફ્લુએન્ઝા અને પ્લેગે વર્તાવેલા કાળાકેર કે વડોદરામાં આવેલા પૂરનું તાદશ ચિત્રણ અહીં છે. આ બધા સમયે પણ ગુજરાતની પ્રજાને ગવિષ્ઠ કરી સેવા કરવાના કાર્યમાં શારદાબહેન જોડાઈ જાય છે. આમ, પોતાના સમયના દેશકાળની લિપ્ત અને સંકલિત શારદાબહેન અહીં વાચકને સાંપડે છે. શારદાબહેન માટેના ગાંધીજીના શબ્દો 'પેટે જન્મ લેવા જેવાં' નોંધીને ઉમાશંકર જોશી શારદાબહેનને નાના બાળકથી માંડી સૌ કોઈને સહજ રીતે શીળા વાત્સલ્યથી છાઈ દેતી માતા સમા ઓળખાવે છે. તેમાં જરાય અતિશયોક્તિ નથી એવું આ સંભારણાં વાંચતાં સતત પ્રતીત થાય છે.

સ્ત્રી એ પ્રથમ માતા છે, ગૃહિણી છે એટલે માતા અને ગૃહિણી તરીકેની ફરજ બજાવતાં બજાવતાં જ તે નોકરી કે ઇત્તર સેવાપ્રવૃત્તિ કરે એ ઇષ્ટ છે. એવું શારદાબહેનનું દઢ મંતવ્ય હતું. કુટુંબસેવા અને રાષ્ટ્રસેવાનો મેળ કેવી રીતે પાડી શકાય એનું જીવતુંજાગતું દૃષ્ટાંત શારદાબહેને રાષ્ટ્ર અને કુટુંબભાવનાની વચ્ચે સંતુલન સાધીને પૂરું પાડ્યું છે. પોતાના દીર્ઘ જીવનકાળ દરમિયાન એમણે રાષ્ટ્રસેવાની વિવિધ પ્રવૃત્તિઓ ઉપાડીને ચલાવી છે પણ ક્યારેય કુટુંબધર્મને આંચ આવવા દીધી નથી. સુમંતભાઈની વડોદરાની નોકરી દરમિયાન બબ્બે ત્રણ ત્રણ વાર યુરોપની મુસાફરીની આકર્ષક તકો એમની સામે આવી પણ ગૃહિણી ધર્મના પાલન અર્થે એ તકો એમણે જતી કરી છે. ગાંધીજીની સ્વરાજની લડતોના એ રોમહર્ષી કાળમાં પણ

સૂક્ષ્મ વિવેક જાળવી રાખીને કુટુંબધર્મ અને રાષ્ટ્રધર્મને એ ન્યાય આપે છે. સુમંતભાઈ જેલમાં હોય છે એટલે પોતે જેલમાં જવું ન પડે એવાં રચનાત્મક કાર્યોમાં જોડાઈને બહાર રહીને અસહકારની લડતમાં સહકાર આપે છે.

જોકે ગૃહજીવન અને જાહેરજીવનની પસંદગી કરવામાં એમને અનુભવવી પડેલી દ્વિધાઓનો એ ક્યાંક ક્યાંક નિખાલસતાથી એકરાર કરે છે. સુમંતભાઈની માંદગી સમયે લખે છે ''મનમાં થતું મહિલા વિદ્યાલયનું કામ જે બહુ સારી રીતે ચાલતું હતું તે છોડીને વડોદરા જવું કે અમદાવાદમાં રહેવું ? ડૉક્ટરની તબિયત સારી નહીં, એટલે વડોદરા જવાની ઇચ્છા થાય. બીજી તરફ સ્ત્રીકેળવણીના કાર્યની જમાવટ કરવાની ભારે ઇચ્છા. માથે જવાબદારી લીધેલી તે છોડી દેવાનો જીવ ચાલે નહીં. મન સાથે બહુ ગડભાંગ થતી હતી'' વડોદરામાં સ્ત્રીશિક્ષણનું કામ સારું ચાલતું હોય છે એ દરમિયાન ડૉક્ટરના નોકરી છોડવાના નિર્ણયને કારણે શારદાબહેન અમદાવાદને પોતાનું કાર્યક્ષેત્ર બનાવે છે તો વળી ડૉક્ટરની તબિયતને કારણે વળી અમદાવાદ છોડી વડોદરામાં વસવાટ કરે છે તો ત્યાં પણ પોતાનું કાર્ય ચાલુ રાખે છે. સુમંતભાઈ સાથે ડુમસ, અમરેલી કે ચોરવાડ આરામ કરવા જાય છે ત્યારે પણ ત્યાંના લોકો અને સંસ્થાઓની મુલાકાત લઈને સ્ત્રીકેળવણી માટેના તેમના પ્રયાસો ચાલુ જ રહે છે. તેમાંય મહત્ત્વની મિટિંગોમાં નાનકડા દીકરા સિદ્ધાર્થને ખોળામાં બેસાડીને ચર્ચાવિચારણા કરતાં શારદાબહેન તો યાદ રહી જાય છે. આવા પ્રસંગોમાં પોતાના કાર્ય પરત્વેની તીવ્ર લગનીનો સંસ્પર્શ જોવા મળે છે.

આ સ્મૃતિકથાની સમાપ્તિ કરતાં શારદાબહેન નોંધે છે : ''એક વસ્તુ હું સ્પષ્ટ રીતે અને વિનાસંકોચે કહેવા માંગું છું કે મારા જીવનમાં જેટલે અંશે મને સફળતા મળી છે તેનું મુખ્ય કારણ મારા સદ્ભાગ્યે ડૉ. સુમંત જેવા પતિ મને પ્રાપ્ત થયા એ છે. એમનું પીઠબળ, પ્રોત્સાહન અને અનુકૂળતા મારાં સઘળાં કાર્યોમાં મને મળ્યાં છે એટલું જ નહીં, તેમની પ્રેરણા, દોરવણી અને સક્રિય સહાય મળતાં રહ્યા છે.'' આ કોઈ પતિને પગલે ચાલનારી પતિવ્રતા સ્ત્રીના ઉદ્‌ગારો નથી, પરંતુ વિરલ દાંપત્યજીવનની પરિણતિ રૂપે પ્રગટેલા ઉદ્‌ગારો છે એની પ્રતીતિ વાચકને ઠેર ઠેર થાય છે. લગ્ન પછી તરત જ સુમંતભાઈ અભ્યાસ કરવા ઇંગ્લૅંડ જાય છે પણ દંપતી વચ્ચેના નિયમિત પત્રવ્યવહારથી વિચાર, અભિપ્રાય અને અનુભવની પરસ્પર આપ-લે થવાથી પરિચય વિસ્તરે છે. સુમંત મહેતાનો પોતાના સિદ્ધાંતોને દૃઢતાથી વળગી રહેવાનો સ્વભાવ તેમજ સામાજિક ક્ષેત્રે સુધારાની બાબતમાં સ્વગૃહેથી જ શ્રીગણેશ કરવામાં તેમની નિર્ભયતા પિતાની ઉત્તરક્રિયા કરવામાં કે ભાઈને જનોઈ દેવાના વિરોધમાં, બહેન વીરબાળાના જ્ઞાતિની ઇચ્છાવિરુદ્ધનાં લગ્ન કે નાના ભાઈ અને પુત્રીનાં આંતરજ્ઞાતીય લગ્નમાં સંમતિ જેવા પ્રસંગોના નિરૂપણમાં પ્રગટે છે. શારદાબહેનમાં પણ એ વલણ અને દૃષ્ટાંતો કેળવાયાં છે. એમણે એ વિશે નોંધ્યું છે તે નિરીક્ષણ મહત્ત્વનું છે. ''આ એક પાઠ મળ્યા પછી મને બળ મળ્યું. માણસ પોતાના સિદ્ધાંતને વળગી રહે અને તકરાર કર્યા વગર એનો અમલ કરે તો આપણાં સામાજિક બંધનોનો કોયડો ઓછો વિકટ થાય છે.''

જીવનના બધા જ પ્રશ્નો વિશે બંને નિખાલસ વિચારવિમર્શ કરે છે. અમદાવાદમાં કામ કઈ રીતે શરૂ કરવું એની શારદાબહેનને મૂંઝવણ થાય છે તો સુમંતભાઈ અમદાવાદ આવી બધા કાર્યકર્તાઓને એકઠા કરી માંડણી કરી આપે છે. ગોધરાની રાજકીય પરિષદની સંસારસુધારાની બેઠકમાં પ્રમુખસ્થાન લેવાની દરખાસ્ત આવે છે ત્યારે પણ સુમંતભાઈ પીઠબળ પૂરું પાડતાં લખે છે ''સેવા કરનારે આવી જવાબદારી સ્વીકારવાને તૈયાર રહેવું જોઈએ. આ પણ એક જાતની તાલીમ છે'' સાથે તે બેઠક માટેનું અધ્યક્ષીય વક્તવ્ય તો શારદાબહેને જાતે જ લખવું જોઈએ એવો આગ્રહ પણ રાખે છે. શારદાબહેન પતિના વિચાર-પરિવર્તન મુજબના જીવન સાથે સમજપૂર્વક પૂરેપૂરો તાલ મિલાવે છે. એમને બધી જ સગવડો કરી આપે છે. ઘરની જવાબદારી પોતા પર લઈ, સુમંતભાઈને દેશસેવા માટે નચિંત કરે છે એટલું જ નહીં સુમંતભાઈ જેલમાં જાય છે ત્યારે શેરથા તેમનો આશ્રમ સંભાળવા પહોંચી જાય છે. આમ, બધા જ પ્રસંગોએ બંને એકબીજા માટે એવાં તો પૂરક બની રહે છે કે ભોગીલાલ ગાંધી બંનેનું 'વિરલ સખ્ય-ઉજ્જ્વલ દામ્પત્ય' એવા શબ્દોથી સન્માન કરે છે.

શારદાબહેનનું જીવન સમાજસેવાના બહોળા ક્ષેત્ર સાથે સંકળાયેલું હોવાથી તેઓ તત્કાલીન સામાજિક અને રાજકીય ક્ષેત્રમાંના કંઈ કેટલાય મહાનુભાવોના પ્રત્યક્ષ કે પરોક્ષ પરિચયમાં આવ્યાં છે. રમેશચન્દ્ર દત્ત, અબ્બાસ તૈયબજી, અરવિંદ ઘોષ, ગાંધીજી, ઇન્દુલાલ યાજ્ઞિક, પ્રા. કે. ટી. શાહ, રમણભાઈ નીલકંઠ, પ્રેમલીલાબહેન, સુલોચનાબહેન વગેરેના સ્વભાવ અને કાર્યનો પરિચય પણ અહીં મળે છે. તેમાંય ઇન્દુલાલ યાજ્ઞિકનો દેશપ્રેમ માટે કંઈક કરી છૂટવાનો તરવરાટ, તેમના લગ્નજીવનની કરુણાંતિકા તથા વૈચારિક સ્વાતંત્ર્ય ધરાવતા તેમના વ્યક્તિત્વનું નિરૂપણ અહીં હૃદયસ્પર્શી બની રહે છે. તો ઇતિહાસમાં નથી નોંધાઈ એવી નાની નાની ઘટનાઓની વિગત-માહિતી અહીં મળે છે. જેમકે વડોદરાના વસવાટ દરમિયાન એ સમયમાં લેવાતા રાસગરબાને શારદાબહેને અનિચ્છનીય રજૂઆતમાંથી છોડાવીને તેમના મંડળ દ્વારા સુધરેલી ઢબના ગરબા દાખલ કરે છે. આરંભે સંયુક્ત કુટુંબની એકતાનું ચિત્ર આપી પાશ્ચાત્ય સંસ્કૃતિના વ્યક્તિસ્વાતંત્ર્યના ખ્યાલને લીધે વિખેરાતા કુટુંબનું ચિત્ર પણ તેઓ આ કથામાં આપે છે. સમાજમાં પરિવર્તન કેવી રીતે આવે તેનું એક રસપ્રદ ચિત્ર આલેખતો પ્રસંગ જોઈએ – વડોદરામાં શારદાબહેન અને સુમંતભાઈ સવાર-સાંજ ચાલવા જતાં. વડોદરાની પ્રજા માટે તો આ નવાઈભર્યું હતું. પણ જેમણે અનેક વાર યુરોપની મુસાફરી કરી તેવા મહારાજાસાહેબને પણ એ અજુગતુ લાગે છે. પણ આ દંપતી કશાયને ગણકારતું નથી અને શારદાબહેન નોંધે છે કે બાર મહિનામાં તો વડોદરાના અધિકારીવર્ગમાંથી કેટલાંય યુગલો સવાર-સાંજ ચાલવા જતાં દેખાય છે ! ગાયકવાડી સમયના વડોદરાનું જીવંત ચિત્ર પણ અહીં ઊપસે છે. એવું લાગે છે કે શારદાબહેને આંતરિક મનોમંથનોની વાત નથી કરી, જાહેરજીવનને સવિશેષ આલેખ્યું છે પણ શારદાબહેનનું વ્યક્તિગત જીવન જાહેરજીવન સાથે એવું તો સંકળાયેલું છે કે જાહેરજીવનના નિરૂપણ વિના આ કથા સંભવે જ નહીં. એટલે જ સંસ્મરણો નિમિત્તે અહીં વ્યાપક સમાજચિંતન પણ થાય છે.

પરિશિષ્ટમાં સુમંત મહેતા, ઇન્દુલાલ યાજ્ઞિક અને ગાંધીજીના કેટલાક પત્રો મુકાયા છે. ગાંધીજીના એક પત્રમાં શારદાબહેનનાં સરળ સહેલાં વાક્યો, ટૂંકા ને ટચ વિચારો અને આડંબરરહિત ભાષાનો ઉલ્લેખ છે. 'જીવનસંભારણા' વાંચતા ગાંધીજી સાથે ચોક્કસ સહમત થવાય. પોતાના અનુભવો વ્યક્ત કરવા માટે શારદબહેનને ભાષાનો વાગ્વૈભવ ઉપયોગી જણાયો નથી. ક્યાંક પુનરાવર્તનો છે. ક્યાંક વાક્યરચનામાં શિથિલતા પ્રવેશી ગઈ છે. આમ છતાં સરળ ઘરેલું ભાષામાં વહેતું ગદ્ય આસ્વાદ્ય બને છે. છેલ્લે એક વાતનું આશ્ચર્ય થાય છે કે ગુજરાત, ગુજરાતી પ્રજા, તેની રૂઢિજડતા અને તેમાં સધાતાં પરિવર્તનોની ૧૯૩૮માં લખાયેલી આ કૃતિ

વિશે બહુ ઓછી નોંધ લેવાઈ છે. સામગ્રીનું જ્યાં વિશેષ મહત્ત્વ છે તેવા આ અનુઆનુધિક યુગમાં આવા સુંદર સમુચિત સામાજિક દસ્તાવેજની ઉપેક્ષા કરવાનું નહીં પાલવે. પરિષદમંત્રી શ્રી અનિલાબહેને બહુ જ યોગ્ય રીતે સંસ્મરણોની આ બેઠકમાં તેને સ્થાન આપ્યું તેનો આનંદ વ્યક્ત કરું છું અને મને વક્તવ્ય આપવાની તક આપવા બદલ કાર્યવાહકોનો આભાર માનું છું.[s]

---

s ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે ‘આત્મકથનાત્મક લખાણો’ વિશેના પરિસંવાદમાં રજૂ કરેલ વક્તવ્ય ટૂંકાવીને.